ફો.કેસ નં.૧૦૧૮૯૩/૨૦૨૪

**–:: આંક–૧ લગતનો હુકમ ::–**

(૧) સદર કેસ આજરોજ હાથ ઉપર છે અને કેસની વિગતો પ્રમાણે હાલના કેસની કાર્યવાહી આરોપીની પ્રોસેસ બજવણીના સ્ટેજે તેમજ સદર કેસ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ, ૨૦૦૫ તળે દાખલ કરેલ હોય તે સંદર્ભે કલમ–૨૫(૧) મુજબ તે ઇ.સી.એચ. કયા ખાતામાં જમા થતુ હતુ તેની વિગતો જાહેર થવા માટે અગાઉથી હુકમ કરી તેની સુનાવણી અર્થે રાખેલ હોય તે સ્ટેજે પેન્ડીંગ છે. કેસની વિગતો ધ્યાને લેતા, આ કામના આરોપીની વિરૂધ્ધમાં જે પ્રોસેસ આરપીએડી. થી બજવણી અર્થે મોકલવામાં આવેલ છે તે આજથી પંદરેક મહીના અગાઉ વગર બજે પરત આવી ગયેલ છે અને ત્યારબાદ ફરીયાદીએ આજદિન સુધી બીજી પ્રોસેસ કઢાવવાની કે આરોપીનુ નવુ સરનામુ રજુ કરવાની કોઇ તસ્દી લીધેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાતુ નથી.

(૨) આજરોજ કેસની કાર્યવાહી જે કારણસર પેન્ડીંગ છે તે કાર્યવાહી આગળ ચલાવવા માટે ફરીયાદીએ કોઇ દરકાર લીધેલ નથી કે, કાર્યવાહી મુલતવી રાખવા માટે કોઇ રજુઆત કરેલ નથી તેમજ પોતે રૂબરૂ હાજર રહેલા નથી. તે સંજોગોમાં ફરીયાદીની રેકર્ડ ઉપરની તમામ વર્તણુંક ધ્યાને લેતા તેઓને પોતાનો કેસ આગળ ચલાવવામાં તથા કોર્ટ દ્રારા કરેલા હુકમનુ પાલન કરવામાં કોઇ રસ હોય તેમ જણાતુ નથી. તેથી સી.આર.પી.સી.ની કલમ–૨૫૬ લગત બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૯ તેમજ સી.આર.પી.સી. ની કલમ–૨૦૪(૨) લગત બી.એન.એસ.એસ. ની કલમ–૨૨૭ ધ્યાને રાખી, જયારે ફરીયાદપક્ષને પ્રાઇવેટ ફરીયાદ દાખલ કરી પોતાનો કેસ આગળ ચલાવવામાં કોઇ રસ ન હોય તો તેવી ફરીયાદ ફરીયાદીની વાંકચુક અને બેદરકારીને કારણે કાઢી નાખવાને પાત્ર બને છે. **ભવાની ટેક્ષટાઇલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૦૯ ગુજરાત હાઇકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦** ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે, જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને નયાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નીષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં

અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનુ ઠરાવેલ છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઇ વંચાણે લેતા તે નીચે મુજબ છે.

256. Non-appearance or death of complainant. –

(1) If the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

આમ, કેસનુ રેકર્ડ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઇ વંચાણે લઇ, ફરીયાદીને વાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાના કેસમાં આરોપી વિરૂધ્ધ કેસ કાર્યવાહી આગળ ચલાવવા માટે પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં હાલના કામે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–:: હુકમ ::–</u>

આ કામની ફરીયાદ ફરીયાદીની ઘોર બેદરકારીના કારણે કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી માહે માર્ચ ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**અમદાવાદ** **(વિપિન કુમાર બંસલ)**

**તા.૧૩/૦૩/૨૦૨૬** **૩૫માં એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**

**(ને.ઇ.એ.) કોર્ટ નં. ૫૪, અમદાવાદ શહેર**

**જીજે૦૧૨૩૩**